જો તમે તમારા અનુભવોનો સમજણપૂર્વક ઉપયોગ કરો તો કશું જ સમય નો વેડફાટ નથી
- કાન્તિ ભટ્ટ

આપણું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૨૮) અંક નં. ૧૪૨ | ૧ ઓગષ્ટ, ૨૦૧૩, ગુરૂવાર; અષાઢ વદ - ૧૦ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

# શહેરના સ્થાપના દિનથી સફાઈ ઝૂંબેશ

ગાંધીનગર, તા. ૩૧

ગાંધીનગર શહેરના સ્થાપના દિનની ઉજવણીમાં રાજ્યના માર્ગ-મકાન, મહેસુલ તેમજ શહેરી વિકાસ મંત્રી શ્રીમતિ આનંદીબેન પટેલ વિશેષ ઉપસ્થિત રહેનાર છે.

ગાંધીનગર મહાનગરપાલિકા દ્વારા આ નગરના ૫૦મા સ્થાપનાદિનની ઉજવણીને ભવ્ય બનાવવા માટેનું આયોજન કરાયું છે. સ્વચ્છતા અભિયાનને વધુ સઘન બનાવવાના ભાગરૂપે મંત્રી શ્રીમતિ આનંદીબેન પટેલના હસ્તે ત્રણ ટ્રક માઉન્ટેડ રોડ સ્વીપરનું લોકાર્પણ કરવામાં આવશે. રૂ. ૧.૯૨ કરોડના ખર્ચે આ ત્રણ સ્વીપીંગ મશીન સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રીશ્રી શહેરી વિકાસ યોજના અંતર્ગત ખરીદવામાં આવ્યા છે.

મહાનગરપાલિકા દ્વારા જન્મદિવસની ઉજવણીના ભાગરૂપે જી.ઈ.બી. ખાતેના સ્લમ વિસ્તારમાં નિશુલ્ક આરોગ્ય તપાસણી કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે. આ ઉપરાંત સ્વચ્છતા આરોગ્ય અને પર્યાવરણ પ્રત્યે જનજાગૃતિ કેળવવા પ્રા. શાળાના બાળકોની સાયકલ રેલી વિધાનસભાભવનથી મહાત્મા મંદિર સુધીની યોજવામાં આવેલ છે.

પાલિકા દ્વારા જ સે. ૨ અને સે. ૨૯ના અર્બન હેલ્થ સેન્ટર ખાતે ૫૦ જેટલા વૃક્ષોનું વાવેતર કરવાનું પણ આયોજન કરવામાં આવ્યું છે.

મહાનગરપાલિકાએ આ વર્ષે બજેટમાં સ્થાપના દિન તેમજ વિવિધ રાષ્ટ્રીય દિવંગત નેતાઓની જન્મ જયંતિ ઉજવવા માટે ખાસ ફંડ ફાળવ્યું છે. આ વખતે કોર્પોરેશન દ્વારા જન્મદિનની ઉજવણી માટે કમિશ્નરશ્રીના અધ્યક્ષપદે અધિકારીઓની સમિતિની પણ રચના કરી હતી.

ગાંધીનગર મહાનગરપાલિકા દ્વારા ગાંધીનગર શહેરના ૫૦માં સ્થાપના દિનની ઉજવણી તા. ૨-૮-૨૦૧૩ના રોજ ૧૦.૩૦ કલાકે કરવાનું આયોજન સ્ટાફ ટ્રેનીંગ કોલેજ, સેક્ટર-૧૭ ખાતે મંત્રીશ્રી

● અનુસંધાન પાના-૭ પર

# જુલાઈમાં વિક્રમી વરસાદ નોંધાયો

## છેલ્લા પાંચ વર્ષમાં સૌથી વધુ વરસાદ આ મહિને નોંધાયો : કલોલ માણસામાં સૌથી વધુ વરસાદ નોંધાયો : ગત વર્ષની તુલનામાં વરસાદ અને વાવેતર વિસ્તાર પણ વધ્યા

ગાંધીનગર, તા.૩૧

ગાંધીનગર જિલ્લામાં છેલ્લા પાંચ વર્ષબાદ જુલાઈ મહિનામાં સૌથી વધુ વરસાદ નોંધાયો છે જયારે ગત વર્ષની તુલનામાં ત્રણ હજાર હેકટર વિસ્તારમાં વધુ વાવેતર થવા પામ્યું છે.

ગાંધીનગર જિલ્લામાં આ વર્ષે જુલાઈ માસ અંતિત ૪૭૦ મી.મી. જેટલો વરસાદ નોંધાયો છે અને ૭૭,૨૮૦ હેકટર વિસ્તારમાં વાવેતર સંપન્ન થયું છે. જે ગત વર્ષે જુલાઈમાં ૧૦૮ મી.મી. જેટલો વરસાદ નોંધાયો હતો અને ૭૪,૬૪૦ હેકટર વિસ્તારમાં વાવેતર થયું હતું.

ગાંધીનગર જિલ્લામાં વાવેતર વિસ્તાર આ વર્ષે વધ્યો છે તેમજ વરસાદ પણ વધુ નોંધાયો છે એટલું જ નહિ વરસાદના દિવસો પણ વધુ નોંધાયા છે.

૨૦૦૨થી વરસાદના આંકડાઓ જોઈએ તો વર્ષ ૨૦૦૨માં આ માસમાં ૧૨૦ મી.મી. વરસાદ હતો જે સૌથી ઓછો છે. આ પછી ૨૦૦૮માં ૧૮૪ મી.મી. વરસાદ નોંધાયો હતો.

૨૦૦૯માં ૪૨૪ મી.મી. આ માસમાં નોંધાયો હતો. ૨૦૧૦માં તે ૪૪૫ મી.મી. વરસાદ નોંધાયો હતો. ૨૦૧૧માં ૨૧૯ મી.મી. અને

● અનુસંધાન પાના - ૭ પર

## ગ્રીન ગાંધીનગર... ક્લિન ગાંધીનગર

આવતીકાલે આપણું વ્હાલું વતન ૪૯મા વર્ષમાં પ્રવેશ કરશે. પ્રકૃતિનો પૂર્ણ વૈભવ ગાંધીનગર પર આશીર્વાદરૂપ છે. લીલુંછમ્મ ગાંધીનગર નયનરમ્ય લાગે છે. પરંતુ હજુ વધુ સુંદર બનાવવા આપણા ગ્રીન ગાંધીનગરને... ક્લિન ગાંધીનગર કરવાની જરૂર છે. આવો, આપણે સંકલ્પ કરીએ કે આપણા આંગણે એક વૃક્ષનું જતન કરશું અને આપણું આગણું ચોખ્ખું ચણાક રાખશું. તો જ ક્લિન ગાંધીનગરનો સંકલ્પ સાકાર થશે.



ABC હસ્ત શિલ્પ મેળા
છેલ્લા ચાર દિવસ બાકી
એન્ટીક રોડ, આયરન ફર્નીચર અને ક્રોકરી પોર્ટ
ઘ-૫ કોર્નર, ઓપન એર થિયેટરની બાજુમાં સેક્ટર-૧૬, ગાંધીનગર

સ્વાસ્થ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલય, ભારત સરકાર



શ્રી એ. એચ. ખાન ચૌધરી, રાજ્યકક્ષાના મંત્રી, સ્વાસ્થ્ય અને પરિવાર કલ્યાણ
શ્રી ગુલાબનબી આઝાદ, મંત્રીશ્રી, સ્વાસ્થ્ય અને પરિવાર કલ્યાણ
શ્રીમતી સોનિયા ગાંધી, ચેરપર્સન, એન.એ.સી.
ડો. મનમોહનસિંહ, વડાપ્રધાનશ્રી
શ્રી જીતેન્દ્રસિંહ, રાજ્યકક્ષાના મંત્રીશ્રી, યુવક સેવા અને રમત-ગમત
શ્રીમતી સંતોષ ચૌધરી, રાજ્યકક્ષાના મંત્રી, સ્વાસ્થ્ય અને પરિવાર કલ્યાણ

છેલ્લા બે વર્ષમાં એકપણ પોલીયોનો કેસ નહીં
અંદાજે ૪૦૦,૦૦૦ જીવનને દર વર્ષે ટીકાકરણ દ્વારા બચાવાય છે.

રાષ્ટ્રીય ટીકા એક્સપ્રેસનું
શ્રી ગુલામનબી આઝાદ
માનનીય કેન્દ્રીય મંત્રીશ્રી, આરોગ્ય અને પરિવાર કલ્યાણ
પ્રસ્થાન કરાવશે
પ્રેક ઉપસ્થિતિ
શ્રી જીતેન્દ્રસિંહ
રાજ્યકક્ષાના માનનીય મંત્રીશ્રી (ઇન્ચાર્જ) યુવક સેવા અને રમત-ગમત
૧ ઓગસ્ટ, ૨૦૧૩, અલવર, રાજસ્થાન ખાતેથી




રસીકરણ બાળકોને જીવન માટે જોખમી એવા બાળરોગો સામે રક્ષણ આપે છે

(૧) ટ્યૂબરક્યુલોસીસ (૨) પોલીયો (૩) ડીપ્થેરીયા (૪) ઉંટાટીયું
(૫) ટીટેનસ (૬) હીપેટાઈટીસ બી (૭) ઓરી (૮) મગજનો તાવ (૯) હીબ ન્યુમોનિયા અને મેનીન્જાઇટીસ

- ૨.૭ કરોડ બાળકો અને ૩ કરોડ સગર્ભા મહિલાઓનું રસીકરણ કરવાનું દર વર્ષે લક્ષ્યાંક યુનિવર્સલ ઇમ્યુનાઇઝેશન પ્રોગ્રામ હેઠળ (યુઆઈપી)
- ૧૭.૨ કરોડ બાળકોને દર રાષ્ટ્રીય રસીકરણ દિને પોલીયોના ટીપાં અપાય છે.
- ૧૦ કરોડથી વધુ બાળકોને મગજના તાવ સામે રસીકરણ દ્વારા રક્ષણ મગજના તાવના ભયગ્રસ્ત જિલ્લાઓમાં બીજા ડોઝને દાખલ કરાયો.
- ત્રણ વર્ષના અભિયાન (૨૦૧૦-૨૦૧૩) દરમિયાન ૧૨ કરોડ બાળકોને ઓરી સામે રક્ષિત કરાયા. ૧૮ મહિને અપાતો ઓરીનો બીજો ડોઝ દાખલ કરાયો.
- હીપેટાઈટીસ-બી (હેપ-બી)ની રસી બધા જ રાજ્યોમાં ઉપલબ્ધ બનાવાઈ
- ડીપ્થેરીયા, ઉંટાટીયું, ટીટેનસ, હેપ-બી અને હીબ રસીનો સમાવેશ કરતી ૫ ઇન ૧ રસી આઠ રાજ્યોમાં દાખલ કરાઈ. હીબની રસી હીબ ન્યુમોનિયા અને મેનીન્જાઇટીસ સામે રક્ષણ આપે છે.

- બાકી રહી ગયેલા બાળકો માટે ૨૦૧૨-૧૩ની ખાસ ડ્રાઈવમાં ૧.૫૩ કરોડ ડોઝ જેટલી રસી ઉપલબ્ધ બનાવાઈ.
- ૯૦ લાખ જેટલા રસીકરણના તબક્કાઓ દર વર્ષે આયોજિત કરાય છે.
- ૨૭,૦૦૦ કોલ્ડ ચેઇન સ્ટોર રસીઓને સુરક્ષિત અને અસરકારક બનાવવા ઉપલબ્ધ કરાયા.
- ૯ લાખ જેટલા આશા વર્કરો (નોંધાયેલ સામાજિક સ્વાસ્થ્ય કાર્યકર્તાઓ)ની સેવાઓ અંતરિયાળ ગ્રામ્ય વિસ્તારોમાં રસીકરણ માટે લેવામાં આવી.



टीकाकरण